
શ્રાવણ સુદ એકમ • ૨૦૭૧ • યુગાબ્દ ૫૧૧૭ • Dt 15th August, 2015 • Issue 46 • ₹ 50/-

રાષ્ટ્રીયતાનું ઉદ્‌ઘોષક

# સાધના

સાપ્તાહિક

સ્વાતંત્ર્ય દિન વિશેષાંક




# આઝાદીની લડતમાં ગુજરાત

■ હેમરાજ રાણા

## ઝંડા સત્યાગ્રહના ઝૂઝારુ વીર

# બળવંતરાય મહેતા



**જન્મ**
૧૯ ફેબ્રુઆરી, ૧૮૯૯

**નિધન**
૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫

**વતન**
ભાવનગર

બળવંતરાય મહેતાએ બારડોલી સત્યાગ્રહમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ કરીને જેલમાં ગયા તો ૧૯૪૨માં હિન્દ છોડો ચળવળમાં પણ જેલવાસ ભોગવવો પડ્યો હતો




સૌરાષ્ટ્રના પ્રથમ પંક્તિના કેટલાક દેશભક્ત સેવકો થઈ ગયા તેમાં શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા એક હતા. યુવાનીના ઉંબરમાં પગ મૂકતાં જ તેમણે ફકીરી ધારણ કરી, રાષ્ટ્રસેવા, જનસેવાનું વ્રત લીધું. દેશના રચનાત્મક, સંગઠનાત્મક, લડાયક અને વિધાયક એમ વિવિધ ક્ષેત્રે પૂરાં ૪૫ વર્ષ સુધી ઘૂમ્યા કરી સતત કામ કર્યા કર્યું અને એ રીતે દેશની આઝાદી, આબાદી અને ઉન્નતિમાં પોતાનો સંગીન ફાળો આપ્યો.

બળવંતરાય મહેતાનો જન્મ ૧૯-૦૨-૧૮૯૯ના રોજ ભાવનગરમાં એક સામાન્ય પરિવારમાં થયો હતો. પિતાનું નામ ગોપાળજી ત્રિભોવનદાસ મહેતા અને માતા ઝવેરબાઈ. બળવંત પાંચ વરસના થયા ત્યાં જ તેમના પિતાજીનું અવસાન થયું. તેથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જેસર ગામે મામાના ઘરે રહીને જ પૂરું કર્યું. હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન તેઓ નિયમિત છાપાં વાંચતા તેથી દુનિયાભરના પ્રવાહોથી પરિચિત રહેતા. અમદાવાદમાં ઉચ્ચ અભ્યાસ દરમિયાન મહાત્મા ગાંધીજી અને ઠક્કરબાપાના સંપર્કમાં આવ્યા અને તેનાથી તેમની જીવન રાહ બદલાઈ ગઈ અને આજીવન સેવક બની રહ્યા.

દેશના એક દૂરના ભાગમાંથી રાષ્ટ્રની ઇજ્જતની જાળવણી માટે - રાષ્ટ્રીય ઝંડાની ઇજ્જત સાચવવાના સંઘર્ષમાં ઝંપલાવવાનો સાદ પડ્યો એ હતો નાગપુર ઝંડા સત્યાગ્રહનો સાદ. જબલપુરથી પ્રગટેલી સત્યાગ્રહની નાનીશી જ્યોત જ્વાળામાં પલટાઈ ગઈ અને આખા હિન્દમાં ફેલાઈ ગઈ. પ્રાંતે-પ્રાંતમાંથી સત્યાગ્રહી સૈનિકોની ટુકડીઓ નાગપુર રવાના થવા લાગી. ગુજરાતમાંથી બળવંતરાય મહેતા અને ફૂલચંદભાઈએ ભાવનગરથી એક સત્યાગ્રહી ટુકડી લઈને નાગપુર તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં જ તેમની ટુકડીની ધરપકડ કરવામાં આવી અને સીધા જ નાગપુરની જેલમાં પૂરવામાં આવ્યા. એક વરસની સખત મજૂરીની સજા કરવામાં આવી. બળવંતરાય મહેતાની તબિયત સારી ના હોવા છતાં જેલમાંથી ઘરે પત્ર લખ્યો કે, ''પોપટ ભૂખ્યો નથી, તરસ્યો નથી, બેઠો

બેઠો આંબલી ડાળે રાજ કરે છે.''

રાષ્ટ્રધ્વજની ઇજ્જતની રક્ષા માટે મરી ફીટવાની તમન્નાએ કારાવાસ દરમિયાન બધાં દુઃખો હસતાં મુખે સહન કરવા બળવંતરાયને શક્તિમાન બનાવ્યા હતા. સત્યાગ્રહની લડતનો તાપ વધતો જોઈ સરકાર ઢીલી પડી ગઈ અને ભારતભરમાંથી આવેલા લગભગ ૨,૦૦૦ સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. તેમાં બળવંતરાય મહેતા પણ હતા.

ઝંડા સત્યાગ્રહમાં વિજય મેળવી, ભાવનગર આવીને બળવંતરાય મહેતાએ ભાવનગર રાજ્ય પ્રજા પરિષદ, કાઠિયાવાડ રાજકીય પરિષદ અને અન્ય સમાજસેવાના કાર્યમાં સક્રિય રહી અમૂલ્ય યોગદાન આપ્યું. ઠક્કરબાપાના કહેવાથી તેઓ દેશભક્ત લાલા લજપતરાયે સ્થાપેલી ભારતવ્યાપી લોકસેવક સંસ્થાના પણ સભ્ય બન્યા.

કાઠિયાવાડના આંગણે થયેલા ધોલેરા સત્યાગ્રહમાં બળવંતરાય મહેતાએ સરદાર તરીકેની ભૂમિકા ભજવી હતી. ૪૫૦ શિસ્તબદ્ધ સૈનિકો અને બહેનોની ટુકડી સાથે બળવંતરાયે મીઠાનો કાયદાનો ભંગ કર્યો હતો. સવિનય કાનૂનભંગની લડતનો સફળ અંત આવ્યો, પરંતુ બળવંતરાય મહેતાની ધરપકડ કરવામાં આવી અને તેમને સંપૂર્ણ સત્યાગ્રહના દોષી માનીને બે વર્ષની જેલની સજા કરવામાં આવી. થોડાક સમય બાદ વાઇસરોય લૉર્ડ ઈરવિન અને ગાંધીજીની સમજૂતીના કારણે સજા ભોગવતા બળવંતરાય સહિત ૭૦,૦૦૦ જેટલા સત્યાગ્રહીઓને છોડી મૂકવામાં આવ્યા. હદપારના હુકમનો ભંગ કર્યો તેથી તેમને ફરીથી છ માસની જેલની સજા કરવામાં આવી.

ગાંધીજીએ આખા હિન્દુસ્તાનમાં અસ્પૃશ્યતા નિવારણનો સંદેશો લઈને ભારતવ્યાપી પ્રવાસ આરંભી દીધો હતો, તેમાં બળવંતરાય મહેતાએ પણ ભાવનગરથી પોરબંદર સુધીની પદયાત્રા કાઢી હતી.

લગ્ન લાયક ઉંમર થતાં તેમના વિદ્યાર્થીકાળના મિત્ર સરોજબહેન ઈ. સ. ૧૯૩૬મા બળવંતરાયના જીવનસંગિની બન્યાં. બળવંતભાઈની રોજ-બરોજની પ્રવૃત્તિઓ અને જાહેર સેવાનાં કાર્યોમાં તેઓ સક્રિય સાથીદાર રહ્યાં હતાં.

બળવંતરાય મહેતાએ બારડોલી સત્યાગ્રહમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ કરીને જેલમાં ગયા તો ૧૯૪૨માં હિન્દ છોડો ચળવળમાં પણ કારાવાસ ભોગવ્યો હતો. તેમના જાહેર જીવન દરમિયાન બધા મળીને છથી સાત વર્ષ તેમણે બ્રિટિશ જેલોમાં રાજકીય કેદી તરીકે વિતાવ્યાં હતાં.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યાર પછી બળવંતરાયના પ્રયત્નોથી સૌપ્રથમ ભાવનગર રાજ્ય પ્રજાતંત્ર બન્યું હતું અને ત્યાર બાદ સરદાર વલ્લભભાઈ પટેલ અને ઉછરંગરાય ઢેબરની સાથે રહી કાઠિયાવાડનાં તમામ રાજ્યોને પ્રજાને જવાબદાર પ્રજાતંત્ર બનાવ્યાં હતાં. બધાં દેશી રાજ્યોનું વિલીનીકરણ કરી તેમાંથી સૌરાષ્ટ્ર રાજ્યનું સર્જન થયું અને તેમાં બળવંતરાયને નાયબ મુખ્યમંત્રી તરીકેનું સ્થાન મળ્યું હતું.

સપ્ટેમ્બર ૧૯૫૦માં મંત્રીમંડળમાંથી છૂટા થઈ તેઓ અખિલ ભારત કોંગ્રેસના મહામંત્રી બન્યા. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીમાં ભાવનગરથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા અને ત્યારબાદની ૧૯૫૭ની ચૂંટણીમાં પણ ફરીથી ચૂંટાયા હતા. ભારત સરકારની ઉચ્ચ કક્ષાની એસ્ટિમેટ કમિટી – અંદાજ સમિતિના ચેરમેન બનાવવામાં આવ્યા ત્યારે તેમણે ભારતભરનો પ્રવાસ કરી વિવિધ વિષયો પર ૧૦૦ જેટલા અહેવાલો તૈયાર કરી સરકારને આપ્યા હતા. તેમનું સૌથી મોટું યોગદાન પંચાયતી રાજની સ્થાપનાનું હતું. તેમણે પંચાયતી રાજને અમલમાં મુકાવી સ્વરાજને લોકોના ઘરઆંગણાં સુધી જીવતુંજાગતું હાજર કરી દીધું.

૧૯૬૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાં પડેલા આંતરિક વિખવાદના કારણે બળવંતરાય મહેતાએ સૌપ્રથમ હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના મિત્ર શ્રી ભોગીલાલ લાલાણીએ પોતાની બેઠક પરથી રાજીનામું આપી બેઠક ખાલી કરતાં પેટાચૂંટણીમાં બળવંતભાઈનો ભવ્ય વિજય થયો હતો. તે અરસામાં ડૉ. જીવરાજ મહેતાની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ ગઈ હતી, તેથી ૧૮મી સપ્ટેમ્બરે પક્ષની સભા મળી, તેમાં બળવંતરાયને પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા અને બીજા જ દિવસે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા.

૧૯૬૫માં ભારત-પાકિસ્તાનના યુદ્ધ સમયે સપ્ટેમ્બરના બીજા અઠવાડિયાની શરૂઆતમાં ખબર મળ્યા કે પાકિસ્તાને જામનગર અને દ્વારકા પર બોમ્બમારો કર્યો છે. તેની સીધી જ અસર બળવંતરાય મહેતા અને તેમનાં જીવનસાથી સરોજબહેનના હૃદય પર થઈ એટલે જ તેઓ ત્યાંના લોકોને રૂબરૂ મળવા આતુર થઈ ગયાં. સરહદ પર જ્યારે લડાઈ ચાલુ હોય ત્યારે એ બાજુ જવામાં જોખમ છે એમ કેટલાક ભાઈઓએ તેમને ચેતવ્યા તેમ છતાં પણ તેઓ વિમાનમાં બેસીને ત્યાં ગયા. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ને દિવસે બળવંતરાય મહેતા જે વિમાનમાં પ્રવાસ કરી રહ્યા હતા તેને સરહદ નજીક પાકિસ્તાને તોડી પાડ્યું. પરિણામે એ ગમખ્વાર હુમલામાં બળવંતરાય મહેતા, તેમના ધર્મપત્ની અને સહપ્રવાસીઓ સ્વર્ગે સીધાવ્યા. આ રીતે બળવંતરાય મહેતા જીવ્યા દેશ માટે અને પ્રાણ ત્યાગ કર્યો સરહદ પર નિગરાની કરતાં કરતાં.

ફૂલ ખરી પડે છે પરંતુ તેની સુગંધ પ્રસરી વળે છે તેમ તેમના જીવનની સુવાસ નિધન પછી વધુ વ્યાપક બની છે ! આવા પ્રચંડ પુરુષાર્થ અને સેવાઓ તથા સિદ્ધિઓથી ભરેલું એ રાષ્ટ્રવીરનું જીવન લોકો સમક્ષ દીપસ્તંભ સમાન બની રહ્યું...